### હોળી-ધુળેટીના તહેવાર સમયે ટ્રાફીકમાં થતો વધારો

# હિંમતનગર એસ.ટી. ડીવીઝનના ૮ ડેપો દ્વારા વધારાની ૫૦ એસ.ટી. બસ દોડાવાશે

**અમદાવાદ, પંચમહાલ અને બનાસકાંઠાના ટ્રાફીકને ધ્યાનમાં રાખી નિર્ણય**

બાયડ, તા.૧

હોળી-ધુળેટીનો તહેવાર નજીક આવતાં એસ.ટી. બસ મથકોમાં ટ્રાફીકમાં વધારો થયો છે. આગામી સમયમાં મુસાફરોની સગવડને ધ્યાનમાં રાખી હિંમતનગર એસ.ટી. ડીવીઝનના ૮ ડેપો દ્વારા વધારાની ૫૦ એસ.ટી. બસ દોડાવાશે. અમદાવાદ, પંચમહાલ અને બનાસકાંઠા તરફ તહેવારો સમયે વધુ ટ્રાફીક રહેતો હોવાથી તા.૨ માર્ચથી એસ.ટી. તંત્ર વધારાની ટ્રીપો શરુ કરનાર હોવાનું જાણવા મળ્યું છે. દિપાવલી પછી હોળી-ધુળેટીનો તહેવાર એસ.ટી. વિભાગ માટે કમાણીનો ઉત્સવ બની રહેતો હોય છે. ધંધા-રોજગાર અને નોકરી માટે બહારગામ સ્થાયી થયેલા હજારો પરિવારો હોળીનો તહેવાર વતનમાં મનાવવા માટે પ્રયાણ કરતા હોવાથી તહેવારના એક સપ્તાહ અગાઉથી બસ મથકોમાં મુસાફરોની ભીડ શરુ થતી હોય છે. હોળી-ધુળેટીના તહેવારને આડે હવે ગણતરીના દિવસ બાકી રહ્યા છે જેથી હિંમતનગર, બાયડ, મોડાસા, ભિલોડા, ખેડબ્રહ્મા, ઈડર, પ્રાંતિજ અને માણસા સહિતના બસ મથકોમાં ટ્રાફીકમાં ધીરે ધીરે વધારો થયો છે. આગામી ૨ દિવસમાં એસ.ટી. બસમાં જોવા મળતા ટ્રાફીકમાં વધુ ચારગણો વધારો થઈ શકે છે જેમાં અમદાવાદ, પંચમહાલ અને બનાસકાંઠા તરફ અવર જવર કરતા મુસાફરોની સવિશેષ સંખ્યા રહેતી હોવાના કારણે હિંમતનગર એસ.ટી. ડીવીઝન દ્વારા ઉપરોકત ડેપોમાં તા.૨ માર્ચથી વધારાની ૫૦ ટ્રીપો દોડાવવાનો નિર્ણય લેવાયો છે. એસ.ટી. વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ એક્સ્ટ્રા બસનું આયોજન કરવામાં આવતાં ખાનગી વાહનમાં જીવના જોખમે મુસાફરી કરી ભાડામાં પણ લૂંટાતા મુસાફરોને રાહત થઈ શકે છે.



# સરડોઈ પંથકના ગામોમાં દિપડો પાંજરે ન પૂરાતાં રાત્રે ખેતરમાં જતાં ડર અનુભવતા ખેડૂતો

**એક સપ્તાહમાં - પશુઓના મારણથી પશુપાલકોમાં ફફડાટ : ખેતરો સૂનાં રહેતાં ખેતી પાકમાં ભેલાણ વધ્યું, લાલપુરના સીમાડામાં ફરીથી ત્રાટકેલા દિપડાએ વાછરડીનું મારણ કર્યુ**

બાયડ, તા.૧

મોડાસા તાલુકાના સરડોઈ પંથકના ગામોમાં દિપડાએ આતંક મચાવ્યો છે. એક સપ્તાહમાં ૬ પશુના મારણની ઘટનાથી પશુપાલકોમાં ફફડાટ છે. દિપડો દેખાયા પછી વન વિભાગ દ્વારા પાંજરાં મૂકવામાં આવ્યાં પરંતુ ચબરાક દિપડો પાંજરામાં સપડાયો નથી જેથી આ વિસ્તારના ખેડૂતો રાત્રે ખેતરમાં જતાં ડર અનુભવી રહ્યા છે જેના કારણે સૂનાં રહેતાં ખેતરોમાં ભેલાણ વધ્યું છે. સોમવારની મોંડી રાત્રે લાલપુર પંથકમાં ફરીથી ત્રાટકેલા દિપડાએ વાછરડીનું મારણ કરતાં વન વિભાગ ઉંધા માથે થયું છે. સરડોઈ બીટના શામપુર, ભાટકોટા, ગોખરવા, બોલુન્દ્રા અને ગઢડા સહિતના વિસ્તારોમાં દિપડો વન વિભાગને દોડાવી રહ્યો છે. સાંજ પડે દિપડાની દહેશત સતાવતી હોવાથી ઉપરોક્ત ગામોમાં સન્નાટાનો માહોલ રોડ ઉપર જોવા મળતો હોય છે. ખેડૂતો એકલ દોકલ ખેતરમાં જતાં પણ ડરી રહ્યા છે. દિપડાએ ગઢડા, શામપુર, બોલુન્દ્રા અને ગોખરવા વિસ્તારમાં પશુઓનું મારણ કર્યુ હોવાના કારણે પશુપાલકોને મૂંગા પશુઓની સુરક્ષા સતાવી રહી છે. દિપડાએ બીટના જંગલ વિસ્તારના ગામડાઓમાં લાંબા સમયથી ધામા નાખ્યા છે જેમાં ભાટકોટા વિસ્તારમાં એક સાથે ૬ દિપડા જોવા મળ્યા પછી વન વિભાગે પાંજરુ ગોઠવ્યું હોવા છતાં દિપડો પાંજરાની આસપાસ ચક્કર લગાવી જંગલમાં ગાયબ થઈ જતો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. દિપડાનું યોગ્ય લોકેશન ટ્રેક કરવામાં વન વિભાગ સરેઆમ નિષ્ફળ રહ્યું છે જેથી રાત પડે કયા ગામમાં દિપડો ત્રાટકશે તે દહેશત માત્રથી ખેડૂતો અને પશુપાલકો ફફડી રહ્યા છે. દિપડાનો આતંક દિવસે દિવસે વધી રહ્યો હોવા છતાં વન વિભાગ દ્વારા પાંજરુ મૂકી હાથ ઉંચા કરી નાખવામાં આવ્યા હોવાના કારણે સરડોઈ બીટના જંગલના શામપુર, ભાટકોટા, ગોખરવા, બોલુન્દ્રા અને ગઢડા સહિતના ગામોની પ્રજાના જીવ હજુ પણ ઉચાટમાં છે. ખેડૂતો ડરના માર્યા ખેતરમાં જતા ન હોવાથી નિલગાયો તેમજ ભૂંડનાં ટોળાં ખેતરોમાં ઉતરી પાકને ખેદાન મેદાન કરી રહ્યા છે. દિપડાને પાંજરે પુરવામાં વન વિભાગ નિષ્ફળ નિવડ્યું છે ત્યાં લાલપુરના સીમાડામાં ખેતરમાં રહેતા હીરાભાઈ પટેલના તબેલામાં રાત્રે દિપડાએ ત્રાટકી વાછરડીનો શિકાર કર્યો હોવાની જાણકારી મળતાં મંગળવાર સવારે સરડોઈ બીટ વનપાલ અજીતસિંહ મકવાણા, બીટગાર્ડ સંજય ચૌધરી અને ટીમ તાબડતોબ લાલપુરના સીમાડામાં પહોંચી હતી જ્યાં દિપડાએ કરેલ શિકારનું પંચનામું કરવામાં આવ્યું. દિપડો શિકાર કર્યા પછી કઈ દીશામાં ગયો છે તેની તપાસ કરવા માટે ટીમો કામે લાગી છે.



### પ્રવાસના બુકીંગમાં ૪૦ ટકાનો વધારો

# જિલ્લામાં દિવાળી જ નહીં પણ હોળી-ધૂળેટીમાં ફરવા જવાના આયોજનો

**માઉન્ટઆબુ, ઉદેપુરની ટૂરનાં એડવાન્સ બુકીંગ**

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૬

પ્રવાસના શોખીન લોકો ફરવા જવાની એકપણ તક ચૂકતા નથી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દિવાળી જ નહીં પરંતુ આ વખતે હોળી-ધૂળેટીમાં ફરવા જવાના આયોજનો થયા છે. ખાસ કરીને નજીકના માઉન્ટઆબુ, ઉદેપુર તેમજ કુંભલગઢના પ્રવાસન સ્થળો જિલ્લાના પ્રવાસીઓમાં હોટ ફેવરીટ હોવાના કારણે એડવાન્સ બુકીંગ થઈ ગયાં છે. સામાન્ય રીતે દિવાળી વેકેશનમાં પ્રવાસની મોસમ ખીલતી હોય છે પરંતુ જિલ્લાના અનેક પરિવારોએ હોળી-ધૂળેટીના તહેવારોમાં પ્રવાસના આયોજનો કરતાં ટ્રૂ ઓપરેટરો માટે કમાણીની સીઝન ખૂલી છે.

જિલ્લામાં ટૂર ઓપરેટના વ્યવસાયમાં ઘણા લાંબા સમયથી મંદીનો માહોલ રહ્યા પછી હવે સીઝન શરુ થઈ છે. હમણાં સુધી ધાર્મિક ટ્રૂના આયોજનોમાં ટૂર ઓપરેટરો વ્યસ્ત રહ્યા પરંતુ આ વખતે હોળી-ધૂળેટીના તહેવાર સમયે પર્યટક સ્થળોની સહેલગાહના વધુ આયોજનો થયા છે. જિલ્લામાં પ્રવાસ પ્રિય લોકોએ તા.૭ અને ૮ માર્ચે હોળી-ધૂળેટીનો તહેવાર હોવા છતાં રાજસ્થાનના માઉન્ટઆબુ, ઉદેપુર અને કુંભલગઢ સહિતના પ્રવાસના આયોજનો ગોઠવ્યાં જેના કારણે બુકીંગમાં ઉછાળો આવ્યો છે. વર્ષ-૨૦૨૨ની સરખામણીમાં આ વખતે હોળી-ધૂળેટી પર પ્રવાસના બુકીંગમાં ૩૫ થી ૪૦ ટકાનો વધારો થયાનું જોવા મળ્યું. જિલ્લામાં ઉનાળાના પ્રારંભ પૂર્વે તાપમાનનો પારો ઉંચકાઈ રહ્યો છે જેના કારણે માઉન્ટઆબુ તરફ પ્રવાસીઓનો વધુ ધસારો રહેવાની સંભાવના ટ્રૂ ઓપરેટરો વ્યક્ત કરી રહ્યા છે. સામાન્ય રીતે માર્ચ મહિનાના અંતમાં જિલ્લામાં પ્રવાસની મોસમ શરુ થતી હોય છે પરંતુ આ વખતે અસહ્ય ગરમીનો કહેર વરસવાની સંભાવનાને જોતાં હોળી-ધૂળેટીના તહેવારોમાં પ્રવાસના આયોજનો નક્કી થયાં છે.

# ગાંભોઈ પ્રા.શાળાના છાત્રોએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી



ગાંભોઈ, તા.૧

હિંમતનગર તાલુકાની ગાંભોઈ પ્રાથમિક શાળાના ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ એ ગાંભોઈ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી ગાંભોઈ પી.એસ.આઈ જી.એમ .રબારીએ વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશન વિશેની માહિતી આપી હતી સલામતી અને સહકારનું મહત્વ સમજાવ્યું હતું પ્રાથમિક શાળાના શિક્ષિકા પટેલ પારુલ બેન દ્વારા વિદ્યાર્થીઓ ને પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવી બાળકોમાં પોલીસની કામગીરીની જાણકારી અપાવવા સહિત બાળકોને નવો અનુભવ કરાવ્યો હતો.

# મજરા પાસેથી જિલ્લા એસઓજી પોલીસે ચાર કિલ્લો આઠ સો ગ્રામ ગાંજા સાથે બે આરોપીઓને ઝડપી પાડયા

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મજરા પાસેથી જિલ્લા એસઓજી પોલીસે ચાર કિલો આઠ સો ગ્રામ ગાંજા સાથે બે ઈસમો ને ઝડપી પાડી ચાર સામે ગુનો નોંધયો.



પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી હિંમતનગર જિલ્લા એસઓજીએ બાતમી ના આધારે સોમવાર ની સવારે છ વાગ્યે પ્રાંતિજ થી મજરા જતા નેશનલ હાઈવેઆઠ મજરા ગામના પુલ પાસે એક પીકઅપ ડાલામા તપાસ કરતા તેમા પેસેન્જર તરીકે બેઠેલ નક્ષત્રમલ દેવકિશન ગુજર ઉ.વર્ષ ૪૬ ધંધો રસોઈકામ રહે નવાનીયા તા.વલ્લભનગર , જિ.ઉદેપુર તથા તુલસીરામ ભૈરૂલાલ કીર ઉ.વર્ષ-૩૨ ધંધો રસોઈ કામ રહે કીરખેડા તા.માવલી , જિ.ઉદેપુર રાજસ્થાન ના ઓ પાસે તપાસ કરતા ચાર કિલ્લો આઠ સો ગ્રામ ગાંજો જેની કિંમત ૪૮,૩૦૦ તથા રોકડ રકમ ૧૭૦૦ તથા બે મોબાઈલ જેની કિંમત-૬૦૦૦ મળી કુલ-૫૬૦૦૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો અને બન્ને આરોપીઓની પુછપરછ કરતા જેવો ઉદેપુર ના અળીન્દા ગામે થી એક ઈસમ પાસેથી માલ લઈ આવી સુરેન્દ્રનગર થી ધાંગન્દ્રા જવાના રોડ ઉપર આવેલ પાન બીડીનો ગલ્લો ચલાવતો ઈસમ સંજયભાઈ કોળી આપવાનો હતો તો એસઓજી પોલીસે બેની અટકાયત કરી કુલ ચાર વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા હિંમતનગર એસઓજી કોન્સ્ટેબલ કિરીટસિંહ રજનીકાંત દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે કુલ ચાર આરોપીઓ સામે ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી

# પાલનપુર જી.ડી.મોદી કોલેજમાં હોળીના દિવસે પરીક્ષાનો વિરોધ

**એ.બી.વી.પી. એ પેપરની તારીખ બદલવા કરી રજુઆત**

પાલનપુર તા.૧

પાલનપુરની જી. ડી.મોદી કોલેજમાં હોળીના દિવસે પરીક્ષા રાખતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ પાલનપુરે વિરોધ જતાવતા પેપરની તારીખ બદલવા રજુઆત કરી હતી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ પાલનપુર શાખા દ્વારા જી.ડી.મોદી કોલેજમાં હિન્દુ તહેવાર હોળીના દિવસે કોલેજનું પેપર રાખ્યું હોવાથી તે પેપરની તારીખ બદલવા બાબતે પ્રિન્સિપાલને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,વિદ્યાર્થીઓની માંગ સ્વીકારવામાં નહિ આવે તો વિદ્યાર્થી પરિષદ દ્વારા ઉગ્ર આંદોલન ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

પાલનપુર સ્થિત જી.ડી.મોદી કોલેજમાં ઈન્ટર્નલ એક્ઝામ ૦૬ માર્ચ થી ૧૫ માર્ચ ૨૦૨૩ સુધી છે. તો આ પરીક્ષા દરમિયાન ૦૭ માર્ચએ હિન્દૂ સંસ્કૃતિનો તહેવાર હોળીના દિવસે પણ કોલેજ માં પરીક્ષા રાખવામાં આવી છે. જેને બિલકુલ અયોગ્ય ગણાવતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે તાત્કાલિક ધોરણે ૭ માર્ચ હોળીના દિવસે યોજવામાં આવેલ પરીક્ષા રદ કરવાની માંગ કરી હતી. દરમિયાન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની માંગ સ્વીકારવામાં નહીં આવે તો વિદ્યાર્થી પરિષદ આંદોલન કરશે. જેની સંપૂર્ણ જવાબદારી કોલેજ પ્રશાસનની રહેશે તેવી ચીમકી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ઉચ્ચારી હતી.

# મંજીપુરા સહિત અન્ય સરકારી જમીન પર ચર્ચના બાંધકામ પછી મામલો ગરમાયો

**ખેડબ્રહ્મા-પોશીના તાલુકામાં ગેરકાયદે ઉભા થતા ચર્ચ ઉપર રોક લગાવવામાં નહીં આવે તો હિન્દુ સંગઠનો આંદોલન છેડશે**

બાયડ, તા.૧

સાબરકાંઠાના ખેડબ્રહ્મા-પોશીના તાલુકાના આદિવાસી બહુમૂલ વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી વટાળ પ્રવૃત્તિની મેલી મુરાદ સાથે ગેરકાયદે ચર્ચના નિર્માણની પેરવી વધી છે. તાજેતરમાં મંજીપુરા ગામે ખ્રિસ્તી મિશનરી દ્વારા ગેરકાયદેસર રીતે ચર્ચ સરકારી જમીન ઉપર બાંધવાની શરુઆત કરવામાં આવતાં હિન્દુ સંગઠનોએ બાંધકામ અટકાવવા માટે માંગ કરી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું છે. અન્ય વિસ્તારોમાં પણ ગેરકાયદેસર રીતે ધર્માન્તર કરાવવાની મંછા સાથે ચર્ચ બંધાઈ રહ્યાના ગંભીર આક્ષેપો થયા બાદ હવે હિન્દુ સંગઠનો આંદોલન છેડવાના મૂડમાં જણાઈ રહ્યા છે. જિલ્લાના આદિવાસી વસતી ધરાવતા ગ્રામ્ય વિસ્તારોમાં ખ્રિસ્તીઓની સંખ્યા ન હોવા છતાં આશ્ચર્યજનક રીતે જનજાતિ તાલુકાઓમાં ગેરકાયદેસર ચર્ચ ઉભાં કરવાની હમણાંથી જોરશોરથી તૈયારીઓ શરુ કરવામાં આવી છે. સરકારી પરવાનગી વગર ચર્ચના બાંધકામની હકીકત જાહેર થયા પછી હવે આદિવાસી હિત રક્ષા સેના, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, જનજાતિ કલ્યાણ આશ્રમ તેમજ વિશ્વ હિન્દુ પરીષદ સહિતના સંગઠનો એકદમ એલર્ટ મોડમાં આવી ગયા છે. ભોળી આદિવાસી પ્રજાને ધર્મના નામે બહેકાવી ધર્મ પરીવર્તન કરવાના આશય સાથે ચર્ચનું નિર્માણ થઈ રહ્યાના ગંભીર આક્ષેપો સાથે હિન્દુ સંગઠનો અને કાર્યકરો મેદાનમાં આવ્યા છે. તાજેતરમાં મંજીપુરા ગામે સરકારી જમીન ઉપર થઈ રહેલું ચર્ચનું બાંધકામ ગેરકાયદેસર હોવાનું જાણવા મળતાં સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરોએ સ્થળ ઉપર જઈ સૂત્રોચ્ચાર સાથે વિરોધ દર્શાવ્યો હતો. પ્રાર્થનાના નામે આદિવાસી પરિવારોને બોલાવી વટાળ પ્રવૃત્તિ કરવાના આશયે ચર્ચ ઉભા થઈ રહ્યાની આશંકા સાથે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. તે જ રીતે ખેડબ્રહ્મા, પોશીના તેમજ વિજયનગર તાલુકાના જનજાતિ વિસ્તારોમાં જ્યાં ખ્રિસ્તીઓની સંખ્યા નથી છતાં મિશનરીઓ વટાળ પ્રવૃત્તિ કરવા માટે સરકારી જમીનનો ઉપયોગ કરી મંજૂરી વગર ચર્ચનું બાંધકામ કરતી હોવાની હકીકતો બહાર આવી છે જેથી હવે ધર્માન્તર મુદ્દે હિન્દુ સંગઠનો આંદોલન છેડવાની તૈયારીમાં છે. મંજીપુરા ખાતે જો ચર્ચનું બાંધકામ રોકવામાં નહીં આવે તો આદિવાસી હિતરક્ષા સેના સાથે અન્ય હિન્દુ સંગઠનો પણ આ વિસ્તારમાં ઉગ્ર આંદોલન શરુ કરે તો કદાચ નવાઈ નહીં હોય.

# ગુજરાતના બજેટમાં બનાસકાંઠાને શું મળ્યું?









પાલનપુર તા.૧

ગુજરાત સરકારના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ એ વર્ષ ૨૦૨૩- ૨૪ ના વર્ષનું બજેટ વિધાનસભામાં રજૂ કર્યું હતું. આ બજેટમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલા વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી તેમજ ધરોઈ બંધ કે જેની નજીકમાં તારંગા તીર્થધામ આવેલું છે. આ યાત્રાધામોમાં વર્ષે દહાડે એક થી દોઢ કરોડ દર્શનાર્થી આવે છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપત લાલ કે.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેમની સુખ સુવિધા માટે અને પ્રવાસીધામ તરીકે વિકસાવવા માટે સરકારે આ બજેટમાં રૂપિયા ૩૦૦ કરોડની જોગવાઈ કરી છે. જ્યારે ધોળાવીરા, ધરોઈ, નડાબેટ, કડાણા ડેમ અને શિવરાજપુર જેવા સ્થળોએ ટેન્ટ સીટી વિકસાવવા માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના સુઈગામ તાલુકામાં આવેલા નડેશ્વરી માતાજીના દર્શનાર્થે હજારો પ્રવાસીઓને દર્શનાર્થીઓ આવતા હોય છે. નડાબેટ ખાતે બીએસએફ દ્વારા રિટ્રીટ સેરેમની યોજાતી હોય છે. ત્યારે નડાબેટનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. જ્યાં ભારત અને પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સીમા આવેલી હોવાથી અને બીએસએફ દ્વારા યોજાતા આ કાર્યક્રમને લઈને નડાબેટ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. એટલે નડાબેટ ખાતે ટેન્ટ સીટીનું ડેવલપમેન્ટ થવાથી પ્રવાસન ક્ષેત્રને પણ વેગ મળશે. જ્યારે માર્ગ અને મકાન વિભાગમાં અમદાવાદ- મહેસાણા - પાલનપુરના રસ્તાને રૂપિયા ૯૫૦ કરોડના ખર્ચે હાઈબ્રીડ એન્યુટી પદ્ધતિથી (જાહેર ખાનગી ભાગીદારી) ઓવર બ્રિજ સહિત છ માર્ગીય કરવા માટે રૂપિયા ૧૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ત્યારે પાલનપુરથી આબુરોડ જતા જુની આરટીઓ કચેરી પાસે ઓવર બ્રિજનું કામ ચાલી રહ્યું છે. તેમજ રેલવે ફાટક પર બ્રિજ બની રહ્યો છે. આ માર્ગ દિલ્હી -મુંબઈ નેશનલ હાઈવે હોવાથી અહીંયા રોજના હજારો વાહનો પસાર થાય છે. પરિવહન માટે પણ અગત્યના આ માર્ગનું વિસ્તૃતિકરણ વિકાસને વેગ આપશે. તેમજ મહદઅંશે ટ્રાફિકના ભારણને હળવું કરશે. આમ બનાસકાંઠા જિલ્લામાં મહત્વના કહી શકાય તેવા યાત્રાધામ નડાબેટમાં ડેન્સિટી અને અમદાવાદ- પાલનપુરના છ માર્ગીય વિકાસ માટે બજેટમાં કરાયેલી જોગવાઈથી બનાસકાંઠા જિલ્લાનો વિકાસ સતત વેગવંતો બનશે.

# પ્રાંતિજ ગુજરની પોળ ખાતે મકાનમાં આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ગુજરની પોળ વિસ્તાર મા આવેલ એક મકાન મા આગ લાગતા નાસભાગ મચીજવા પામી હતી તો પ્રાંતિજ ફાયર ટીમ ને જાણ કરતા પ્રાંતિજ ફાયર બ્રિગેડ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. પ્રાંતિજ બજાર ચોક વિસ્તારમા આવેલ ગુજરની પોળ ખાતે રહેતા અને પ્રાંતિજ બજાર મા સોનાચાંદી નો વેપાર કરતા કિર્તિભાઈ બાબુલાલ પરીખ કે જેવો સોમવાર હોવાથી બજાર બંધ હોય જેવો પોતાના પરિવાર સાથે અમદાવાદ ખાતે આવેલ મકાન ખાતે ગયા હતા અને સોમવાર ના સાંજના છ વાગ્યા ની આસપાસ તેવોના બંધ મકાન માંથી અચાનક ધુમાડો બહાર નિકળતો જોઈ ને આજુબાજુના રહીશો સહિત વિસ્તાર મા રહેતા લોકો તેમના ઘરે દોડી આવ્યા હતા અને દોડી આવેલ લોકો દ્વારા પ્રાંતિજ ફાયર ટીમ ને તથા મકાન માલિક ને જાણ કરી હતી તો આગ લાગવાના સમાચાર મળતાજ તાત્કાલિક પ્રાંતિજ ફાયર ટીમ ના કેપ્ટન મુકેશભાઈ પરમાર તથા ગોપાલભાઈ પટેલ સહિત ની ફાયર બ્રિગેડ ટીમ ઘટના સ્થળ ઉપર દોડી આવ્યા હતા અને પાણી નો મારો ચાલુ કર્યો હતો તો આગ ના સમાચાર મળતાજ આ વિસ્તાર ના મહિલા કોર્પોરેટર દિપ્તીબેન હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા તો દોડી આવેલ ફાયર બ્રિગેડ ટીમ દ્વારા એક કલાક ની ભારે જહેમત બાદ ઘરમા લાગેલ આગ હોલવી હતી તો આગ શોટ શર્કિટ ને લઈ ને લાગી હોવાનુ પ્રાથમિક તપાસ મા જાણવા મળ્યુ હતુ તો મકાન માલિક સહિત પરિવાર અમદાવાદ ખાતે હોય મોટી જાન હાની ટળી હતી



### જન્મદિને વધામણી



દીપાબેન કુવાડિયા